ભિલોડાના લઘુમતીઓ ગોધરાકાંડ સહાયથી વંચિત

બિલાડીના ટોપની માફક ફૂટી નીકળેલા દલાલો

હિંમતનગર, તા. ૨૦

કેન્દ્ર સરકાર દ્વારા ગોધરાકાંડ આશ્રિતોને અગાઉ રહેણાંક મકાનોની સહાય મોકલ્યા બાદ ધંધો રોજગાર માટેની સહાય પણ રાજ્યમાં મોકલેલ હોવા છતાં ગોધરાકાંડ આશ્રિતોને હજુ સુધી પૂરેપૂરી સહાય મળી નથી.

મળેલી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં છૂટા છવાયા રહેતા લઘુમતીઓને ગોધરાકાંડ સમયે મોટાપાયે ખુંવારી સર્જાઈ હતી. અને તેમાં લાખો કરોડો રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ પોલીસ ચોપડે નોંધાયો હતો ત્યારે જે તે સમયે સ્થાનિક પોલીસના માણસોએ જાણે લઘુમતીઓને બિલકુલ ખતમ કરવાના હોય તે પ્રમાણે ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લઘુમતીઓની એફ. આઈ. નકલોમાં પણ નુકસાનનો વાસ્તવિક આંકડો બનાવવાને બદલે માત્રને માત્ર પાશેરામાં પુણી બરાબર નુકસાનીમાં અંદાજ ગણી દેતાં હાલમાં આ લઘુમતી ગોધરાકાંડ આશ્રિતો હાલમાં સહાયથી વંચિત રહેવા પામ્યા છે. ત્યારે સ્થાનિક તાલુકા પંચાયતના સત્તાધીશોને પૂછતાં અધિકારીઓ જણાવે છે કે, અગાઉથી મળી છે તેમજ પોલીસની એફ. આઈ. આર.માં ઓછી રકમ લખેલી છે તેવા તાલુકા પંચાયતના સત્તાધીશો જવાબો આપતા હોય છે.

ભિલોડા તાલુકાના લીલછા ગામના અ. સત્તારભાઈ સુલેમાનભાઈ મેમણ પણ આ ગોધરાકાંડ સમયે કોની રમખાણનો ભોગ બન્યા હતા અને તે સમયે અંદાજે રૂ. ૬૦ થી ૭૦ હજારનું નુકસાન થવા પામ્યું હતું. તેમની દુકાનનો માલ લૂંટી દુકાનને અસામાજિક તત્ત્વો દ્વારા સળગાવી દેવામાં આવી હતી. છતા આજદિન સુધી આ લઘુમતી આશ્રિત અ.સત્તારભાઈ મેમણ સરકાર તરફથી એક પાઈ પણ મળી નથી. તેનાથી વિશેષ દલાલોએ તેમની પાસેથી સહાય અપાવવાની લાલચ આપી આ ગરીબ લઘુમતી - ગોધરાકાંડ આશ્રિત પાસેથી તેની કરેલી મજૂરીની કમાણીમાંથી રૂપિયા ખંખેરી લઈ સહાય અપાવવાની વાત તો બાજુ પર રહી પરંતુ દલાલીના લીધેલા રૂપિયા પણ પરત ન આપી. દાદાગીરી કરતા હોવાનું જણાયું હતું.

આરોગ્ય કમિશનરે મુલાકાતીઓ માટે બહાર પાડેલો નવો ફતવો

કમિશનરને મળવા અગાઉથી ટાઈમ લેવો પડશે : સચિવ

હિંમતનગર, તા. ૨૦

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળવું સરળ રહેશે પરંતુ જાણે મુખ્યમંત્રીથી પણ પોતાના હોદ્દાને ઉચ્ચ ગણતા એવા રાજ્યના આરોગ્ય કમિશનરએ મુલાકાતીઓ માટે કોઈવાર કે તારીખ નક્કી ન કરી પોતાની આપખુદશાહી વલણ અપનાવી મુલાકાતીઓને અગાઉથી મળવા માટે આરોગ્ય કમિશનર પાસે ટાઈમ લેવો પડશે તેવો ફતવો બહાર પાડતાં મુલાકાતીઓમાં રોષ ભભૂકી ઊઠયો છે.

ભ્રષ્ટાચારથી ખદબદી રહેલી રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં પણ આરોગ્ય કમિશનર નિષ્ઠાપૂર્વક પોતાની ફરજના ભાગરૂપે તપાસ કરાવે તેવું રાજ્યની આમ જનતા ઈચ્છી રહી છે. મળેલી માહિતી મુજબ ગઈકાલે રાજ્યની આરોગ્ય કમિશનર કચેરીમાં એક સિવિલ સર્જન બોગસ મેડિકલ સર્ટિફિકેટ કૌભાંડના મામલાની તપાસની ફાઈલ આરોગ્ય કમિશનર પાસે ગઈ હોવાની કમિશનર કચેરીના સૂત્રોના અભિપ્રાય મુજબ એક મિડિયાના પ્રતિનિધિએ કમિશનરને મળવાનો પ્રયાસ કરતા સત્તાનશામાં અંધ બનેલા રહસ્ય સચિવ જાણે પોતે જ આરોગ્ય કમિશનર હોય તેમ કૌભાંડની તપાસની વાત તો બાજુ પર રહી રહસ્ય સચિવએ જણાવેલ કે અગાઉથી કમિશનરશ્રીને મળવાનો ટાઈમ લીધો છે.

હવેથી ગમે તે મુલાકાતી હોય તેને અગાઉથી મળવા માટે કમિશનર પાસે ટાઈમ લેવો પડશે. રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આરોગ્યને લગતી સેવા સારી આપવા માટે મોટા મોટા હોર્ડિંગ્સ છપાવી તેમજ જાહેર ભાષણોમાં તાળી તાળીઓના અવાજથી વાહ વાહ લેતા હોયછે. ત્યારે આ રાજ્યની દૂર દૂરથી મોંઘવારીમાં ભાડા બગાડી આવતી પ્રજા માટે આ આરોગ્ય કમિશનરને મળવા માટે કોઈ નક્કી દિવસની ફાળવણી કરાવશે ખરા ?

ખેડબ્રહ્મા તાલુકાના શિક્ષકોને લીલા લહેર

શિક્ષકો મોડા આવીને વહેલા ઘરે જતા હોવાની વાલીઓની બૂમરાણ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાનો આદિજાતિ વિસ્તાર એવા ખેડબ્રહ્મા પંથકની શાળાઓમાં શિક્ષકો અનિયમિત અને મોડા આવતા હોવાની બૂમરોળ ઊઠવા પામ છે.

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પારદર્શક વહીવટ અને શિક્ષણનું સ્તર ઊંચુંલાવવાની વાતો કરી રહ્યા છે. ત્યારે રાજ્યના શિક્ષણ મંત્રીઓના વિસ્તારમાં જ જાણે કોઈ રણીધણી પૂછનાર જ ન હોય તેમ ખેડબ્રહ્મા પંથકની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો જાણે મોજમજા કરવા જતા હોય તેમ હિંમતનગર તેમજ જિલ્લાના અન્ય શહેરોમાંથી અપડાઉન કરી મોજમજા કરી મોડા આવી વહેલા ચાલી જતાં હોવાની ખેડબ્રહ્મા પંથકમાં બૂમરોળ ઊઠવા પામી છે. જિલ્લાના ડીપીઓ કે જવાબદાર અધિકારીઓને છે કોઈ ફીકર આ પછાત આદિજાતિ વિસ્તારના નાના ભૂલકાઓની ? હિંમતનગર શહેરમાંથી વહેલી સવારે નીકળતા શિક્ષકો અને શિક્ષિકાઓ પોતાના વાહનમાં જાણે પિકનિક પ્રવાસમાં ફરવા નીકળ્યા હોય તેમ આરામથી સવારે મારૂતિવાનમાં તેની શિક્ષકોના ભાડા પણ વસુલે છે. સાથે સાથે ગપ-ગોળા મારતા મારતા આરામથી શાળામાં મોડા પહોંચી વહેલા ચાલી જતાં હોવાની ખેડબ્રહ્મા પંથકના આદિજાતિ વિસ્તારના ભૂલકાના વાલીઓની બૂમરોળ ઊઠવા પામી છે.

આ ખેડબ્રહ્મા પંથકમાં શિક્ષકોએ પોતાના વાહનો ખરીદી વાહનની કમાણીની સાથે પોતાની આરામની નોકરીઓ કરાતં હોય છે ત્યારે શું જિલ્લા વિકાસ અધિકારી કે જિલ્લાના લાગતા વળગતા ઉચ્ચ અધિકારીઓ આ ગરીબ આદિવાસી ભૂલકાઓના શિક્ષણ વિશે કંઈ વિચારશે ખરા ? તેવું ખેડબ્રહ્મા પંથકની પ્રજા ઈચ્છી રહી છે.

પેટ્રોલ પંપ ઉપર સીએનજીના બિલ બાબતે

સાત જણાએ માર મારી જાતિ વિષે અપશબ્દો બોલતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારના ખેડતસીયા રોડ પર આવેલ ભગવતી પેટ્રોલ પંપ ઉપર સીએનજી ગેસના બીલ બાબતે સાત જેટલા શખશોએ ભેગા મળી એકને ગડદાપાટુનો માર મારી જાતિ વિષયક અપમાનિત કરતા ભોગલનગર ફરિયાદીએ સાત શખસો વિરુદ્ધ હિંમતનગર ટાઉન પોલીસ મથકે એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી.

મળેલી માહિતી મુજબ હિંમતનગર શહેરના ખેડતસીયા રોડ પર આવેલ ભગવતી પેટ્રોલ પંપ ઉપર ગઈ કાલે કમલેશ પટેલ સીએનજી ગેસ પોતાના વાહન ભરાવવા ગયેલ ગેસ ભરાવ્યા બાદ ભગવતી પેટ્રોલ પંપના કેશિયરે બીલના પૈસા માંગતા કમલેશ પટેલ તથા તેના અન્ય છ જેટલા સાગરિતોએ ભેગા મળી કેશિયર કીર્તિકુમાર લક્ષ્મણભાઈ કોટવાલ મુળ રહે. પરવઠના તા. વિજયનગર હાલ રહે. ઈડર નાયકનગરનાઓને બીલ બાબતે બિભત્સ ગાળો બોલી સાતેય શખસોએ ભેગા મળી કીર્તિકુમારને ગડદાપાટુનો માર મારી જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા ગભરાયેલા કીર્તિકુમારે કમલેશ પટેલ તેમજ તેના અન્ય છ શખસો વિરુદ્ધ હિંમતનગર ટાઉનમાં એટ્રોસિટીની ફરિયાદ દર્જ કરાવી હતી. પોલીસે આ બાબતે વધુ તપાસ હાથ ધરી હતી.

મોડાસામાં એટીએમમાંથી ૮૦ હજાર લઈ શખ્સ ફરાર

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાની મોડાસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં કોઈ અજાણ્યા ઈસમે એટીએમ કાર્ડ ધારકને અસલ કાર્ડને બદલી બનાવટી એટીએમ કાર્ડ પધરાવી અસલ એટીએમ કાર્ડ વડે રૂ. ૮૦ હજારને ઊઠાવી કાર્ડધારક સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા અજાણ્યા શખસ વિરુદ્ધ મોડાસા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ.

મળેલી માહિતી મુજબ મૂળ મોડાસા તાલુકાના ઈટાડી ગામે રહેતા હીનાબેન મયંકભાઈ પટેલ ભાવનગર જિલ્લાના ગઢડા ગામે સરકારી નોકરી કરતા હોઈ જેઓ તેમના વતન ઈટાડીમાં ગઈ તા. ૧૮મીની રજા હોઈ ઘરે આવ્યા હતા. ત્યારે તેમના સસરા નરસિંહભાઈ મણીભાઈ પટેલના નવા મકાનનું કામ ચાલુ હોઈ તેમાં પૈસાની જરૂર પડતા હીનાબેને તેમના સસરા નરસિંહભાઈ પટેલને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ કાર્ડ આપેલ જે કાર્ડ લઈ નરસિંહભાઈ પટેલ સવારે મોડાસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં એટીએમ કાર્ડ દ્વારા પૈસા ઉપાડવા જતાં તેની જાણકારી પૂરી ન હોવાને કારણે અન્ય કોઈ ૨૦ થી ૨૫ વર્ષના અજાણ્યા ઈસમે નરસિંહ પટેલ પાસેથી એટીએમ કાર્ડ લઈ પૈસા ઉપાડી નરસિંહભાઈ પટેલને અસલ એટીએમ કાર્ડ આપવાને બદલે ડુપ્લીકેટ એટીએમ કાર્ડ પધરાવી અજાણ્યા ઈસમે એટીએમ કાર્ડ દ્વારા અલગ અલગ સ્થળેથી રૂ. ૮૦ હજાર ઊઠાવી લઈ નરસિંહભાઈ પટેલ સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા એટી કાર્ડધારક હીનાબેન પુંજાભાઈ પટેલે મોડાસા ટાઉન પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠામાં પુરૂષ હેલ્થ વર્કરના તાલીમાર્થીઓને ઓર્ડર ન અપાતાં મામલો ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો

હિંમતનગર, તા. ૨૦

ગુજરાત સરકારના કુટુંબ કલ્યાણ અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લા પંચાયત મારફતે જિલ્લા આરોગ્યના દવાખાનાઓમાં પુરૂષ હેલ્થ વર્કરો માટે ૨૦૧૦માં મોકલેલા ૨૬ તાલીમાર્થીઓ તાલીમ પુર્ણ કર્યા પછી પણ બેકાર બની રખડી પડ્યા છે અને તેઓની તરફથી વારંવાર કરવામાં આવેલી રજૂઆતો અંગે કોઈ પગલા ના લેવાતા તેઓએ આ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પુરૂષ હેલ્થ વર્કરોની સેવાઓની સંભવિત જગ્યાઓ દ્વારા ગત તા. ૨૬ ડિસેમ્બર-૨૦૧૦ના રોજ જિલ્લા ૨૬ જેટલા વિજ્ઞાન તથા ઉચ્ચ મેરીટવાળાઓને મેરીટના ધોરણે તાલીમમાં બોન્ડ લખાવી સેવા આપવાની સરતે મોકલેલા હતા. જેમાં ઉચ્ચ અભ્યાસક્રમો પડતા મુકીને નોકરીના પ્રલોભનમાં આ તાલીમમાં જોડાયા હતા. ને જે તે વખતે જિલ્લા પંચાયત તંત્રના અધિકારીઓ પણ છાતી ઠોકીને નોકરીના આશ્વાસનો આપતા હતા. હવે જ્યારે આ ૨૬ પુરૂષ હેલ્થ તાલીમાર્થીઓ તાલીમમાં નોકરી માટે જાય છે તો સત્તાવાળા કહે છે કે તમારૂ ભવિષ્ય બગડ્યું-અહી કોઈને લેવાના જ નથી. આવા અપમાનિત વાક્યો સાંભળતા જ તાલીમાર્થીઓ તેમજ તેમના પરિવારજનો ખુબજ દુઃખી બન્યા છે અને તેઓએ ઉચ્ચકક્ષાએ મંત્રી જયનારાયણ વ્યાસ, મંત્રી પ્રફુલ પટેલ અને જયસિંહ ચૌહાણને લેખિતમાં રજૂઆત કરી હતી અને સાબરકાંઠા આરોગ્યવાળા તાલીમાર્થીઓને ઠીંગો બતાવે છે તેવી ફરિયાદ સાથે તાલીમાર્થીઓને નોકરીમાં લેવાય તેવી માંગણી કરી રહ્યા છે.

હિંમતનગરમાં બનાવટી ઘી કૌભાંડમાં કાર્યવાહી આગળ વધી : કેન્દ્રનો રિપોર્ટ અનસેફ આવતાં વેપલો કરનારાઓમાં ફફડાટ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેથી દિવાળી અગાઉ જ બનાવટી ઘીના ડબ્બા ઝડપાઈ ગયાનો બનાવ બહાર આવતાની સાથે જ ચકચાર મચી જવા પામી હતી અને કુલ પાંચ સેમ્પલો પૈકી બે સેમ્પલનો રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ આવતા જિલ્લામાં બનાવટી સહિત ગુણવત્તાહીન ઘીનો કાળો કારોબાર ધમધોકાર ચાલી રહ્યો હોવાની ચર્ચાઓને સમર્થન મળ્યા બાદ વેપારીએ કેન્દ્રીય એજન્સીમાં સેમ્પલોની પુનઃ તપાસ કરાવવા અપીલ કરતા સેમ્પલનો રીપોર્ટ અનસેફ આવતા સમગ્ર પ્રકરણ વધુ ગંભીર બનવા પામ્યુ છે.

તા. ૨૨ નવેમ્બર-૨૦૧૧ના રોજ હાજીપુરામાં પોલીસે બાતમીના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલને સાથે રાખીને હરસોલીયા સેલ્સ એજન્સી નામની પેઢીના ગોડાઉન ઉપર રેડ કરી દોઢસો ઉપરાંત શંકાસ્પદ બનાવટી ઘીના ડબ્બાનો જથ્થો ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી અને અબ્દુલ અઝીઝ મોહંમદઉમર હરસોલીયા વિરૂદ્ધ ગુનો નોંધી કુલ પાંચ જેટલા સેમ્પલ ખોરાક અને ઔષધ નિયંત્રણ વિભાગના માધ્યમથી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

પાંચ સેમ્પલો પૈકી બે સેમ્પલ દર્શન ગોલ્ડ ખ્યોર ઘી અને વર્ધમાન ઘીના માર્કાવાળા ઘીના રિપોર્ટ 'ફેલ' એટલે કે સબસ્ટાન્ડર્ડ આવ્યા હતા અને આ અંગે આગળની કાર્યવાહી કરવા ટાઉન પોલીસને રિપોર્ટની જાણ કરવામાં આવી હતી. દરમિયાનમાં બરોડા સ્થિત ફૂડ એન્ડ ડ્રગ્સની લેબોરેટરીના ટેસ્ટ રીપોર્ટને વેપારીએ કેન્દ્ર સરકારની સેન્ટ્રલ ફૂડ લેબોરેટરી સીએફએલમાં પુનઃ પરીક્ષણ કરાવવા અપીલ કરી હતી. સાબરકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ આસી. કમિશનર સી.એમ. પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ ંહતું કે, શંકાસ્પદ બનાવટી ગીના સેમ્પલો 'અનસેફ'' હોવાનો રીપોર્ટ આવ્યો છે અને ઉચ્ચ અધિકારીની સુચના બાદ વેપારી વિરૂદ્ધ કેસ દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવાનું હાથ ધરવામાં આવનાર છે. પોલીસ કેસ તો અગાઉ થયેલ જ છે.

અગાઉ સબસ્ટાન્ડર્ડ રીપોર્ટ આવ્યો હતો. પરંતુ વેપારીની અપીલ બાદ સીએફએલ દ્વારા અનસેફનો રીપોર્ટ આવતા સમગ્ર પ્રકરણની ગંભીરતા વધી ગઈ છે. અનસેફનો મતલબ બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થની જોગવાઈઓનો અમલ સુચવે છે અને કાયદામાં તે અંગે કડક જોગવાઈઓ છે. જ્યારે સબસ્ટાન્ડર્ડમાં દંડની જોગવાઈ છે. કેન્દ્રીય એજન્સીનો રીપોર્ટ આવી જવા છતાં કમિશનર ગાંધીનગરે કોઈ નિર્ણય નથી લીધો કે એડજ્યુડીકેટીંગ ઓફિસરની નિમણૂંક પણ થઈ નથી તે બાબત જ રાજ્ય ખાદ્ય ઔષધ નિયંત્રણ વિભાગની બેદરકારીની આલબેલ પોકારે છે.

બનાસકાંઠા જિલ્લામાં વાદળછાયા વાતાવરણ સાથે ધૂળની ડમરીઓ ઉડી

ડીસા, તા.૨૦

બનાસકાંઠા જિલ્લામાં સવારથી જ વાતાવરણમાં ઓચિંતો પલ્ટો આવતા આકાશમાં ઘટાટોપ વાદળ છવાઈ જવા પામ્યા હતા તેમજ બપોર બાદ તેજ પવન સાથે ધુળની ડમરીઓ ચડતાં આકાશ ધુંધળું બની જવા પામ્યું હતું. જેના કારણે ખેડુતોમાં પણ ચિંતાના વાદળ છવાઈ ગયા છે.

બનાસકાંઠા જિલ્લામાં વહેલી સવારથી જ આકાશમાં વાદળ છવાઈ ગયા હતા. બાદમાં ધીરે ધીરે તેજ પવન સાથે ધુળની ડમરીઓ શરુ થતાં વાતાવરણ એકદમ મલિન બની ગયું હતું. પવનને કારણે મહત્તમ તાપમાનમાં પણ આંશિક ઘટાડો થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાનમાં લો પ્રેશર થવાને કારણે વાતાવરણની સ્થિતિ બદલાઈ છે. બદલાયેલ વાતાવરણને કારણે ખેડૂતોમાં ચિંતાના વાદળ છવાઈ ગયા છે. હાલમાં જીરાના પાકની કાપણી તેમજ રાયડાની કાપણી ચાલી રહી છે. ઘઉંનો પાક પણ તૈયાર થઈ ગયો છે, વાદળછાયા વાતાવરણને લઈ સામાન્ય છાંટા પણ થાય તો ખેડૂતોને ભારે નુકસાની વેઠવી પડે તેમ છે વાતાવરણ બદલાયું હોવાની જાણ સવારે ખેડુતોને થતાં ખેડુતો પોતાના પરિવાર સાથે ખેતરમાં પહોંચી ગયા હતા અને જીરાના પાકની કાપણી કરી થ્રેસર મારફતે તરત જ કઢાવી લેવા દોડધામ આદરી હતી.

બાયડની શ્રીજી ઓટો પાર્ટસમાંથી માઈકો કંપનીના ડુપ્લીકેટ ડીઝલ ફીલ્ટર ઝડપાયાં

બાયડ તા.૨૦

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર બાયડ શહેરમાં વાત્રક રોડ ઉપર આવેલી શ્રીજી ઓટો પાર્ટસ નામની દુકાનમાંથી આજે માઈકો કંપનીના ડીલરે પોતાને મળેલ બાતમીના આધારે વાત્રક રોડ ઉપર આવેલી શ્રીજી ઓટો પાર્ટસ નામની દુકાનમાં પોલીસને સાથે રાખી છાપો મારતાં આ દુકાનમાંથી માઈકો કંપનીની જેવી જ બનાવટના માઈકો કંપનીના નામના ડુપ્લીકેટ ડીઝલ ફીલ્ટર વેચતા ઝડપી પાડયા હતા. આ અગે મળેલ માહીતી અનુસાર બાયડ ખાતેની વાત્રક રોડ ઉપર આવેલ શ્રીજી ઓટોપાર્ટસ નામની દુકાનમાં માઈકો કંપનીના ડીલરે પોતાને મળેલ માહીતી અનુસાર પોતાની કંપનીની બનાવટના ડુપ્લીકેટ ઓઈલ ફીલ્ટર આ દુકાનમાં વેચાતા હોવાની બાતમીના આધારે આજે બપોરે બાયડ પોલીસને સાથે રાખી દુકાનમાં ઓચીંતી તપાસ કરતાં આ દુકાનમાંથી ૧.૧ લીટરના ડીઝલ ફીલ્ટર નંગ ૭ અને ૦.૫ લીટરના ડીઝલ ફીલ્ટર નંગ ૩૦ કુલ ૩૭ ડીઝલ ફીલ્ટર માઈકો કંપનીના નામનો ઉપયોગ કરી ડુપ્લીકેટ ફીઝલ ફીલ્ટર પકડાયા હતા. જેની કીંમત અંદાજે રૂ. ૩૧૨૬ થવા પામે છે. જે અંગે બાયડ પોલીસે સુરજ ભીમરાવ રામટેકની ફરીયાદ આધારે બાયડ ટાઉન જમાદાર મણીભાઈ અને પી.એસ.ઓ. દામોદરભાઈએ ફરીયાદ નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડ તાલુકાના જુજારપુરા ગામની પરણીત મહિલાને ભગાડી જતાં ચકચાર

બાયડ તાલુકાના જુજારપુરા ગામની પરણીત મહિલાને ભગાડી જતાં જતાં ચકચાર મચી ગઈ છે. બાયડ તાલુકાના જુજારપુરા ગામે રહેતા ઉદેસીહ લાખસીંહ સોલંકીની દીકરીને કેશરપુરા ગામના અરવીંદ ભાઈ ઉદેસીંહની છોકરી પરણીત હોવાનું જાણવા છતાં તેણીને લગ્નની લાલચ આપી બાયડ તાલુકાના ડેમાઈ ગામે મુલાકાત માટે બોલાવી બાઈક પર લઈ ભગાડી જતા ચકચાર મચી જવા પામી છે. ત્યાર બાદ ભાથીભાઈ બાલાબાઈ તથા કાન્તીભાઈ બાલાભાઈ રમતું ચંદુભુભાજી હીંમતજી રાઠોડ વગેરેએ ઉદેસીંહને ભેગા મળી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ તમામ આરોપીઓ વિરૂધ્ધ ઉદેસીંહ સોલંકીની ફરીયાદના આધારે બાયડ પોલીસે ફરીયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

કોંગ્રેસ કાર્યકરોનો હિંમતનગરના ટાવર ચોકમાં ઘંટનાદ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મંગળવારે હિંમતનગરના ટાવર ચોક ખાતે 'લોકશાહી બચાવો, ગુજરાત બચાવો'ના નારા સાથે થાળી, ઢોલ, ત્રાસા અને ઘંટ વગાડી ઘંટનાદનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

હિંમતનગરના ટાવર ચોક ખાતે આયોજીત ઘંટનાદ કાર્યક્રમ અંતર્ગત કોંગ્રેસ કાર્યકરોએ ભાજપ સરકારની અનેક નીતિઓ તથા વર્તમાન સરકાર તરફથી અધિકારીઓ અને કર્મચારીઓ પર થતા દબાણ તેમજ તેમની ઉપર અનેક પ્રકારની જવાબદારી બેસાડવામાં આવી છે તેમ કોંગ્રેસ કાર્યકરોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું અને ભાજપ સરકારે વિધાનસભા વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહીલને સત્ર પુરતા સસ્પેન્ડ કરી લોકશાહી પ્રણાલી ખતમ કરવાના પ્રયાસને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. ઘંટનાદ અને સૂત્રોચ્ચારો સાથે વિરોધ દર્શાવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, માનસિંહ ઠાકોર, ઘનશ્યામભાઈ ગઢવી, મણીલાલ વાઘેલા, યુવક કોંગ્રેસના પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, પ્રવક્તા ફારૂક ખળસીયા, રણજીતસિંહ સોલંકી સહિતના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

ઈડર પોલીસ સ્ટેશન નજીકની હોટલમાં જ ચાલતું કૂટણખાનું

ઈડર શેહરીજનો કૂટણખાનાથી ત્રાસી જવા પામ્યા છે

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના ઈડર એપોલો ત્રણ રસ્તાનો વિસ્તાર સરકાર કચેરીઓ તેમજ ભરચક ટ્રાફિક વિસ્તારની બાજુમાં તેમજ ઈડર ટાઉન પોલીસ મથકની નજીકની એક હોટલના છેલ્લા કેટલાંય સમયથી કૂંટણખાનું ચાલી રહ્યું હોવાની તેમજ બંધ કરાવવાની શહેરીજનોની માંગ ઊઠવા પામેલ છે.

ઈડર શહેરમાં કૂંટણખાનાનો ધંધો બદનામીનો ક્યાંક મજબૂરી શોખનો એક જબ્બર ગતિ સાથે ઉછળતો જાય છે. ઈડર શેહરીજનો પણ આ કૂંટણખાનાથી ત્રાસી જવા પામ્યા છે. આગામી સમયમાં આ ચેપ કદાચ ઈડર શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચી જાય તો નવાઈ પામવા જેવું નથી.

આ હોટલ એક ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ભાજપના અગ્રણી અને ધારાસભ્યના અંગત વ્યક્તિની હોટલ હોવાનું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે. અને આ વ્યક્તિ દ્વારા બહારથી યુવતીઓને હોટલમાં લાવી દેહનો વ્યાપાર ચલાવતો હોવા છતાં પોલીસ પણ હમાની માયાજાળમાં પરોવાયેલ હોય તેમ હોટલ સામે આંખ ઊઠાવી જોઈ શકતી નથી.

જ્યારે આ હોટલમાં એક ખાનગી વ્યક્તિએ આ દેહ વેપાર ચલાવવા માટેની પરવાનગી માટે પૂછતાં આ ભાજપના અગ્રણીએ જણાવેલ કે હું ધારાસભ્યનો અંગત માણસ છું. મારા ગામમાં ધારાસભ્ય આવવાના હોય તો તેઓ માટે મને તેમના સ્ટાફ દ્વારા અગાઉથી જાણકારી કરવામાં આવતી હોય છે. તેવું આ મહાશય ભાજપના અગ્રણીએ એક ખાનગી વ્યક્તિને જણાવ્યું હતું. વિશેષમાં પોલીસ પણ મારા હમા લે છે તે પણ મારું કશું બગાડી શકવાની નથી. ત્યારે કાયદાની રખેવાળી કરતી પોલીસ જ આવા રાજકીય અગ્રણીઓને આ શહેર એ શહેર નહીં પરંતુ યુ.પી.કે બિહાર જેવું બની જશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧